manna
on main street
Ending Hunger, Building Community, Transforming Lives

# Mannaની COVID-19 અંગે છેલ્લામાં છેલ્લી માહિતી

## Mannaનું રસોડું




Manna એની એટલે કે, આપણી લૉબીમાં પૅકેજ કરાયેલા લઈ જઈ શકાય તેવાં ભોજન દરરોજ તૈયાર કરીને તેની વહેંચણી કરે છે. આ ભોજન કોઈ પણ વ્યક્તિ માટે ઉપલબ્ધ બનાવવામાં આવ્યું છે. શાકાહારી વિકલ્પો ઉપલબ્ધ છે.

સોમવાર-શુક્રવાર, સવારે 9થી સાંજે 5 | શનિવાર-રવિવાર, સવારે 11થી બપોરે 12:30

## Mannaનું બજાર



જરૂરિયાત ધરાવતા કોઈ પણ પરિવારને Manna કરિયાણું ભરેલી થેલીઓની વહેંચણી કરે છે. બૅગ્સમાં સમાવિષ્ટ છે બગડી જાય એવી વસ્તુઓ, ડેઈરી, માંસ તથા કુટુંબના સંજોગો પ્રમાણેની અન્ય ખાસ વસ્તુઓ (ઉદાહરણઃ ડાયેપર્સ અને પાલતુ જાનવરોનું ખાવાનું). તમારે પહેલેથી જ સાઇન અપ કરવાની કોઈ જરૂર નથી અને અઠવાડિયામાં એક વાર કરિયાણાની બૅગ્સ લઈ જવા આપ પધારી શકો છો.

સોમવાર-શુક્રવાર, સવારે 9થી સાંજે 5 | શનિવાર-રવિવાર, સવારે 11થી બપોરે 12:30

## Mannaનો અચાનક આવી પડેલી સંકટાવસ્થામાં નાણાકીય સહાયનો કાર્યક્રમ

નૉર્થ પેન્ન સ્કૂલ ડિસ્ટ્રિક્ટમાં (North Penn School District) પાત્ર હોય તેવા પરિવારો માટે અચાનક આવી પડેલી સંકટાવસ્થામાં નાણાકીય સહાયનો કાર્યક્રમ ચાલુ રહેશે. અચાનક આવી પડેલી સંકટાવસ્થામાં નાણાકીય સહાય માટે, કૃપા કરીને નીચે આપેલ ફૉર્મ પૂરણ કરોઃ http://mannaonmain.org/financial-assistance-application/. આ સેવા માટેની કોઈ પણ ફૉલો અપ એપૉઇન્ટમેન્ટ્સ ફોન કે ઈમેઈલ દ્વારા હાથ ધરવામાં આવશે. કૃપા કરીને નોંધ લો, કે કાર્ય પૂરણ કરવાના સમય માટેની વિનંતીઓને સામાન્ય કરતાં કદાચ વધુ વાર લાગી શકે છે. અમે તમારી ધીરજની અપેક્ષા રાખીએ છીએ.

## Mannaનું શાવર

ઉપલબ્ધ છે સોમવાર-શુક્રવાર, સવારે 9:00થી સાંજે 5:00. શાવર અંગેની વસ્તુઓ અમે પૂરી પાડીશું.

Manna on Main Street | 606 East Main Street, Lansdale, PA 19446
www.mannaonmain.org | 215-855-5454 | manna@mannaonmain.org